સિંધુભવન રોડ પરની ઓફિસમાંથી દરવાજો તોડી ૨૫.૭૩ લાખની ચોરી

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

શહેરમાં ઘરફોડ ચોરીની ઘટનાઓ વધી રહી છે, ત્યારે શહેરના સૌથી પોશ વિસ્તારમાં ગણતા સિંધુભવન રોડ પર આવેલા એક કોમ્પલેક્ષમાંથી ૨૫.૭૩ લાખ રૂપિયાની ચોરી થતા ચકચારમચી ગઈ છે. ઈન્ફ્રાટ્રકચરની ઓફિસમાં તસ્કરોએ મોડીરાતે ચોરીની ઘટનાને અંજામ આપીને નાસી ગયા છે. વહેલી સવારે પ્યુન ઓફિસ ખોલવા માટે આવ્યો ત્યારે તેણે દરવાજો ખુલ્લો જોતા પોતાના બોસને ફોન કરી દીધો હતો. બોડકદેવ પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા માટે તજવીજ શરૂ કરી છે. સેટેલાઈટ વિસ્તારમાં આવેલા રામદેવનગર પ ોપ્યુલર ડોમેનમાં રહેતા રવિભાઈ વર્માએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ૨૫.૭૩ લાખ રૂપિયાની ચોરીની ફરિયાદ કરી છે. રવીભાઈ વર્મા સંયુક્ત પરિવારમાં રહે છે અને સિંધુભવન રોડ પર આવેલા સ્ટેલર કોમ્પલેક્ષના ત્રીજા માળે હરીઓમ ઈન્ફ્રાટકચર નામથી ધંધો કરે છે. રવીભાઈ સાથે તેમના મોટાભાઈ મહેશભાઈ તથા રજની સાથે ભાગીદારીમાં ધંધો કરે છે. સવારે નવ વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી રવીભાઈ ઓફિસમાં બેઠા હોય છે. બે દિવસ પહેલા રવીભાઈ સાંજે સાત વાગ્યાની આસપાસ ઓફિસથી નીકળી ગયા હતા. ઓફિસમાં પ્યુન તરીકે સંજુનાથ ઉર્ફે સંજય રાવળ નોકરી કરે છે. સંજુનાથ રોજ સવારે મહેશભાઈના ઘરેથી ચાવી લાવીને ઓફિસ ખોલે છે. ઓફિસમાં કેશીયર તરીકે સંતોષ રજાણી, પ્યુન તરીકે જીગર રબારી નોકરી કરે છે જે રાતે ઓફિસ બંધ કરવાનું કામ કરે છે. ગઈકાલે સવારે રવિભાઈ ઘરે હાજર હતા, ત્યારે મહેશભાઈનો ફોન આવ્યો હતો અને કહ્યુ હતું કે, સંજુનાથ ચાવી લઈને ઓફિસ પહોચ્યો ત્યારે દરવાજો ખુલ્લો હતો. જેથી તું ઝડપથી ઓફિસ પહોચી જા. મહેશભાઈ અને રવીભાઈ બન્ને ઓફિશ પહોચી ગયા હતાં, જ્યા સંજુનાથ હાજર હતો. બન્ને ભાઈઓએ ઓફિસમાં ગયા હતા, જ્યા તમામ દરવાજા ખુલ્લા હતા. ઓફિસ જઈને તપાસ કરીતો કેશરૂમમાં રાખેલી તિજોરી તૂટેલી હતી. તિજોરીમાં ૨૫.૭૩ લાખ રૂપિયા મુક્યા હતા, જે ગાયબ હતા.

લાઠી સન્યાસ આશ્રમ ખાતે હોમિપેથીક અને આયુર્વેદ નિદાન કેમ્પ

લાઠી શહેર નાં સન્યાસ આશ્રમ ખાતે ગુજરાત સરકાર હોમિયોપેથીક અને આર્યુવેદિક દવાખાના વિભાગ નાં અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા સંચાલિત દવાખાના વિભાગ દ્વારા લાઠી નાં સન્યાસ આશ્રમ ખાતે ડો મનીષભાઈ જેઠવા અને આર્યુવેદ ડો સાગર જોશી ડો ઉમેશ મેર ની તબીબી સેવા એ યોજાયેલ સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ માં લાઠી શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તાર નાં જરૂરિયાત મંદ દર્દી ખૂબ મોટા પ્રમાણ માં લાભ મેળવ્યો હતો લાઠી સન્યાસ આશ્રમ ખાતે યોજાયેલ આરોગ્ય કેમ્પ અનેક સામાજિક સ્વયમ સેવી સંસ્થા ઓનાં સ્વયમ સેવકો એ સેવા આપી હતી.

શ્રી ઋષિકેશ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં

અમદાવાદની એલ.જે. યુનિવર્સિટી ખાતે 'વન નેશન, વન ઈલેક્શન' વિષય પર કાર્યક્રમ યોજાયો

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

અમદાવાદ ખાતે લોક જાગૃતિ કેન્દ્ર યુનિવર્સિટી દ્વારા એલ.જે ઓડિટોરિયમમાં આયોજિત 'વન નેશન, વન ઈલેક્શન' કાર્યક્રમમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ તેમજ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપ સ્થિતિ રહ્યા હતા. આ કાર્યક્રમમાં મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે 'વન નેશન,વન ઈલેક્શન' વિષય પર સંવાદ કર્યો હતો. 'વન નેશન, વન ઈલેક્શન' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને સંબોધતા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ કહ્યું કે, 'વન નેશન,વન ઈલેક્શન'એક ઉમદા વિચાર છે જેની પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, એક દેશ એક ચૂંટણી એ ભારતની જરૂરિયાત છે. દર થોડાક મહિને ક્યાંક ને ક્યાંક ચૂંટણી યોજાતી રહે છે તેની અસર વિકાસના કામ પર પડે છે. જો આખા દેશની વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એક સાથે થાય તો ચૂંટણી પર થતા ખર્ચનો પણ ઘટાડો થાય છે.મંત્રી શ્રી વધુમાં જણાવ્યું હતું કે, 'વન નેશન વન ઈલેક્શન'ને લઈને આજે દેશમાં એક પરિવર્તનશીલ લહેર ચાલી રહી છે. પ્રથમ રાષ્ટ્રની ભાવના સાથે જ્યારે આપણે આગળ વધતા હોઈએ ત્યારે આ બાબતે સૌ કોઈએ ચર્ચા કરવી જોઈએ અને પોતાનો મત પણ રજૂ કરવો જોઈએ. 'વન નેશન, વન ઈલેક્શન' થકી દેશ અને રાજ્યને થનારા ફાયદા અંગે વાત કરતા મંત્રીશ્રી એ કહ્યું કે, 'વન નેશન, વન ઈલેક્શન'થી દેશના જીડીપીમાં વૃદ્ધિ થઈ શકે છે. નાણા તેમજ માનવ કલાકની બચત પણ થઈ શકે છે. એટલું જ નહીં કાળું નાણુંનો જે બેફામ ઉપયોગ થઈ રહ્યો છે તેને પણ અટકાવી શકાય છે.મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, જ્યારે કોઈપણ નવો વિષય કે નવો મુદ્દો આવતો હોય ત્યારે એ મુદ્દા ઉપર વિસ્તૃતમાં ચર્ચા કે સંવાદ કરવામાં આવે ત્યારે તેનું જરૂરથી સમાધાન મળતું હોય છે.

ગજેન્દ્રસિંહ શેખાવતે લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સની કાર્યપ્રગતિની સમીક્ષા કરી

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

કેન્દ્રીય પર્યટન અને સાંસ્કૃતિક મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત એ ગુજરાતના પ્રાચીન વારસાના મહત્ત્વપૂર્ણ સ્થળ લોથલ ખાતે નિર્માણાધીન મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ' (NMHC)ની સ્થળ મુલાકાત લઈને હાથ ધરવામાં આવી રહેલા કામોની સમીક્ષા કરી હતી. આ અવસરે કેન્દ્રીય મંત્રીશ્રીએ લોથલ સાઈટની પણ મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ વિશાળ નેશનલ મેરીટાઈમ હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતના સમૃદ્ધ પ્રાચીન સામુદ્રિક વારસાની વિરાસતને આધુનિક યુગના આયોમો સાથે જોડીને નિર્માણ થઈ રહેલું આ મ્યુઝિયમ 'વિરાસત ભી વિકાસ ભી'ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને સાકાર કરશે.NMHCનો તબક્કો 1A હાલ નિર્માણાધીન છે. આ તબક્કા હેઠળ NMHC મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે, જેમાં છ ગેલેરીઓનો સમાવેશ થાય છે. આ ગેલેરીમાં INS નિશાંક, સી હેરિયર એરક્રાફ્ટ અને UH3 હેલિકોપ્ટર જેવા નૌકાદળના યુદ્ધ જહાજો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઉચ્ચ અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહીને જરૂરી વિગતો પૂરી પાડી હતી.

પોક્સો કેસમાં જામીનનું કહીને નાણાં પડાવ્યાની ફરિયાદ

ગુજરાત હાઈકોર્ટના મેઈનગેટ પાસેથી 'નકલી સરકારી વકીલ' પકડાયો

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા અને પોક્સો કેસમાં જેલમાં રહેલા આરોપીને ગુજરાત હાઈકોર્ટમાંથી નિયમિત રીતે જામીન અપાવવાનું કહીને એક ગઠિયાએ પોતાની ઓળખ સરકારી વકીલ તરીકે આપીને પોક્સોના આરોપીની પત્ની પાસેથી નાણાં પડાવ્યાની ફરિયાદ સોલા હાઈકોર્ટ પોલીસ મથકે નોંધવામાં આવી છે. આ અંગે પોલીસે જામનગરમાં રહેતા યુવકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા એક વ્યક્તિ વિરુદ્ધ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં પોક્સો હેઠળ ગુનો નોંધવામાં આવતા તે છેલ્લાં ૧૮ મહિનાથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં છે. ગત ૬ એપ્રિલના રોજ તેમના પત્નીને કોઈ અજાણ્યા મોબાઈલ નંબરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે કહ્યું હતું કે તે ગુજરાત હાઈકોર્ટથી વાત કરે છે અને તે તેમના પતિના સરકારી વકીલ કાર્તિક પંડયા છે. આગામી ૭મી એપ્રિલના રોજ કોર્ટમાં જામીન અરજીની સુનવણી છે. જો હું ધારદાર દલીલ ન કરું તો તમારા પતિને સરળતાથી જામીન મળી જશે. પરંતુ, દલીલ ન કરવા બદલ મને તમારે નાણાં આપવા પડશે. પરંતુ, આરોપીના પત્ની બહાર હોવાથી તેમણે સાંજે કોલ કરવાનું કહ્યું હતું અન સાંજે તે એસ.જી હાઈવે ગોતા પર આવેલા ફન બ્લાસ્ટ બહાર કાર્તિક પડયાને મળ્યા હતા. જ્યાં તેણે જણાવ્યું હતું કે મેગડે સાહેબની કોર્ટમાં કેસ છે અને હું જામીન પર છોડાવી આપીશ. જેના માટે ૭૫ હજાર રૂપિયા થશે. પરંતુ, આરોપીની પત્ની પાસે વધારે નાણાં ન હોવાથી ૫૦ હજારમાં ડીલ નક્કી થઈ હતી.

ધુનધોરાજી ગામમાં પરિવારના સહયોગથી ચેકડેમનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

શ્રી રામ નવમી ના પવિત્ર દિવસે કાલાવડ તાલુકાનું ધૂન ધોરાજી ગામના અંકલેશ્વર ડેમ ને ઉંડુ તેમજ રીપેરીંગ કરવા માટે ચેકડેમનું મુહુર્ત બાલાજી વેફર્સ પરિવાર તથા જૈન સંગઠન અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના સહયોગ થી ચેકડેમનું નિર્માણ કરવામા આવ્યું, આ ખાતમુહુર્તમાં ગામના વડીલો, ખેડૂતો તેમજ યુવાનો જોડાયા.સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૫૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટીએ જોઈએ તો ખેડૂતોને ખુબજ આર્થિક મોટો ફાયદો થવાથી પશુ-પક્ષી અને જીવ-જંતુ સર્વેની રક્ષા થઈ રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો તેમજ ૧૧,૧૧૧ બોરરીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.અત્યાર સુધીમાં રાજકોટ શહેરમાં ૧૧ થી વધુ ચેકડેમો તથા ૪૫૦+ થી વધુ બોર દરેક લોકો વરસાદી પાણીને સોના કરતા પણ કિંમતી સમજીને, આ કાર્યમાં જોડાઈ જવું જોઈએ, કારણ કે આજે નહીતો કાલે વરસાદી પાણી બચાવ્યા વિના ચાલશે જ નહિ. તો દરેક લોકોએ વરસાદી પાણીને યોગ્ય જતન કરવા વધુમાં વધુ પાણીને જમીનમાં ઉતરે તેના માટે ચેકડેમ બનતા હોઈ તેમાં જોડાવવું જોઈએ, અને વરસાદી પાણીના ટાંકા બનાવીને બોર રિચાર્જ કરવા જોઈએ.

પોષણ પખવાડિયું ૨૦૨૫: અમદાવાદ જિલ્લો

ચાંદીયેલ ગામના આંગણવાડી કેન્દ્રમાં કુપોષિત બાળકોની ઊંચાઈ અને લંબાઈનું ક્રોસચેકિંગ

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

અમદાવાદ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગના આઈસીડીએસ કાર્યક્રમ હેઠળ પોષણ પખવાડિયા અંતર્ગત દસ્ક્રોઈ તાલુકાના કુહા ૧ કેન્દ્રના ચાંદીયેલ ગામના આંગણવાડી કેન્દ્રમાં સીડીપીઓશ્રી દ્વારા SAF અને EGFમાં આવતા બાળકોના વજન અને ઊંચાઈ/લંબાઈનું ક્રોસચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ ોષણ પખવાડિયાની ઉજવણી માટે આજની થીમ મુજબ આંગણવાડી કાર્યકરો દ્વારા સગર્ભા અને ધાત્રી માતાના ઘરની મુલાકાત કરી તેમને પ ોષણ, આરોગ્ય, બાળ સંભાળ, ટેક હોમ રાશનના ઉપયોગ અંગે જાણકારી આપવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ સુધી ચાલનારા આ પોષણ પખવાડિયામાં જન આંદોલનન થકી પોષણ અને આરોગ્ય વિશે જાગૃતિ ફેલાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ટેલિગ્રામમાં ટ્રેડિંગ કરનાર ગુંજાના યુવકના રૂ. ૪.૧૦ લાખ ડુબી ગયા

સનવિલા ન્યુઝ, મહેસાણા, તા.૧૧

વિસનગર તાલુકાના ગુંજા ગામના અને મ્બના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા યુવકને નાણાં કમાઈ લેવાની લાલચે ટેલિગ્રામની લિંકથી ટ્રેડીંગ કરવાનું ભારે પડ્યું છે. ટેલીગ્રામ લિંકની હેન્ડલર રાખી નામની વ્યક્તિએ વિશ્વાસમાં લઈ ટ્રેડિંગ કરાવતાં યુવકને રૂ. ૪.૧૦ લાખ ખોવાનો વારો આવ્યો છે. યુવકે ૧૯૩૦ નંબર ઉપર ફરિયાદ આપતાં વિસનગર તાલુકા પોલીસે ટેલિગ્રામ લિંકના અજાણ્યા એડમીન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વિસનગરના ગુંજા ગામના કસ્બાવાસમાં પરિવાર સાથે રહેતો અને વિસનગરની સ્ર કોલેજમાં મ્બના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો ૨૦ વર્ષિય નૌમાનખાન ઈજાજખાન કુરેશી પ ોતાના મોબાઈલમાં વોટ્સએપ ટેલીગ્રામ એપ્લીકેશનનો ઉપયોગ કરતો હોઈ તેને ગત માર્ચ મહિનામાં એક અજાણ્યા વોટ્સએપ નંબરથી હોટલ રિવ્યુ કરવા માટે મેસેજ તેમજ હોટલની લીંક આવી હતી. આ લીંક ખોલતા રિવ્યુ આપ્યા બાદ યુવકના બેન્ક ખાતામાં રૂ. ૨૦૫ જમા થયા હતા. ત્યારબાદ અવાર-નવાર લીંકના આધારે યુવક નાણાં કમાતા તેને વધુ લાલચ જાગી હતી. ત્યારબાદ પ છળથી આવેલી ટ્રેડીંગની લીંકના આધારે યુવક પોતાની ગુગલ આઈડીથી ટેલગ્રામ ગ્રુપમાં ઓનલાઈન જોડાયો હતો.

સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં એક ગુપ્ત અંગદાન સાથે બે અંગદાન થયા

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરી એક વખત દાન અને જીવનદાનની સરવાણી વહી છે. મહાવીર જયંતીના પ વિત્ર દીવસે થયેલા બે અંગદાન થકી કુલ ૮ લોકોને નવજીવન આપીને તેમનું જીવન કાર્યક્ષમ બનાવવામાં સફળતા મળી છે. પ્રથમ અંગદાનની વિગતો જોઈએ તો હિંમતનગર સાબરકાંઠાના ૪૧ વર્ષીય ભદ્રશીલાબેનને તારીખ ૭.૦૪.૨૦૨૫ ના રોજ બાઈક સ્લીપ થતા પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેઓને સઘન સારવાર અર્થે તારીખ ૮.૦૪.૨૦૨૫ ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા. જ્યાં સારવાર દરમિયાન તા.૦૯.૦૪.૨૦૨૫ ના રોજ ડૉક્ટરોએ ભદ્રશીલાબેનને બ્રેઈનડેડ જાહેર કર્યા. તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરતા હોસ્પિટલના કાઉન્સેલર્સ અને અંગદાનની ટીમ દ્વારા પરીવારજનોને અંગદાનના મહત્વ વિષે સમજાવવામાં આવતા તેમના પતિએ અંગદાનનો ઉમદા નિર્ણય કરીને અન્યોની પીડા દૂર કરવાનો નિર્ણય કર્યો. ભદ્રશીલાબેનના અંગદાન થી ૨ કીડની, એક લીવર, એક સ્વાદુપિંડ તેમજ એક હૃદયનું દાન મળ્યુ. બીજા અંગદાનના કિસ્સામાં ૨૫ વર્ષના યુવાનને પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

કેએફસી ઈન્ડિયા અને કેરીમિનાટીએ ઓલ ન્યૂ સોસી પોપકોર્ન લોન્ચ કર્યા

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૧

પોતાના પ્રકારના પ્રથમ સહયોગમાં, કેએફસી ઈન્ડિયાએ ભારતના સૌથી મોટા જેન ઝી યુટ્યુબર કેરી મિનાટીસાથે મળીને એક સંપૂર્ણપણે નવું મેનુ કો- ક્રિએટ કર્યું છે. આ અભૂતપૂર્વ લોન્ચમાં કેએફસી ઈન્ડિયા અને કેરીમિનાટી (ઉર્ફે અજય નાગર) સાથે મળીને સંપૂર્ણ સ્વાદિષ્ટ સૉસી પોપ કોર્ન બનાવશે. પહેલી વાર, કોઈ જેન ઝી આઈકોન કેએફસી કિચનમાં પ્રવેશ કરે છે. ૬૭ મિલિયન ફોલોઅર્સ ધરાવતા કેરીમિનાટીએ ફક્ત પોતાનું નામ જ ઉત્પાદનને આપ્યું નથી - તે KFC રસોડામાં પોતાની ટ્રેડમાર્ક સ્વાદિષ્ટતા અને પોતાનો સ્વાદ લાવ્યા છે. પરિણામ? ઈન્ટરનેટ પેઢી માટે બનાવેલ નાસ્તો. ઈન્ટરનેટના ફેવરિટ દ્વારા. સૉસી, ક્રન્ચી, કન્વિનિયન્ટ અને સ્ટ્રેટ અપ એપિક. કેએફસી કેરી મિનાટી સૉસી પોપકોર્ન ચિકન પ્રેમીઓના મનપસંદ ચિકન પોપકોર્ન અને કેરીની સૉસી પર્સનાલિટીને ખૂબ જ સુંદર રીતે એકસાથે લાવે છે. ચિકન પોપકોર્નનો આઈકોનિક સ્વાદને મસાલેદાર અને ચટપટા નેશવિલ સૉસમાં નાખીને કેરી - એડ કરવામાં આવેલ છે. બ્રાન્ડ માટે સૌપ્રથમ વખત, સોસી પોપકોર્ન લિમિટેડ - એડિશન પેકેજિંગમાં ઉપલબ્ધ છે જેમાં યુટ્યૂબરની તસ્વીર છે. ઓહ, અને શું અમે તમને જણાવ્યું? - આ સ્પોર્ક સાથે આવે છે- કેરીમિનાટીનો વિચાર પોતાના દરેક ગેમર મિત્રો માટે કે જે રોકાયા વિના અથવા પોતાના હાથ ગંદા કર્યા વિના નવા સ્નેકનો આનંદ લેવા માંગે છે. આજ થી, કેએફસી ઠ કેરીમિનાટી સૉસી પોપકોર્ન સંપૂર્ણ ભારતમાં સીમિત સમય માટે ઉપલબ્ધ છે. ચિકનના શોખીન, કેરીમિનાટીના ચાહકો, સૉસી સોલ, સ્નેકહેડ્સ - અત્યારે જ પોતાના પોપકોર્ન ખરીદો, જેની શરૂઆતની કિંમત ફક્ત રૂ. ૧૯૯ છે.

શેર માર્કેટમાં રોકાણ કરવાના બહાને ઠગાઈ કરતી ટોળકીના ૪ની દિલ્હીથી ધરપકડ

સનવિલા ન્યુઝ, વડોદરા, તા.૧૧

વડોદરા સાયબર ક્રાઈમને પણ આવીજ એક ફરીયાદ મળી હતી. જેની તપાસ કરતા રેલો દિલ્હી સુધી પહોંચ્યો હતો. જ્યાં વડોદરા સાયબર ક્રાઈમે છેલ્લા ઘણા દિવસોથી ડેરો નાખી તપાસ ચલાવી આખરે સાયબર ળોડ કરતી ટોળકીના ચાર સાગરીતોને ઝડપી પાડવામામં સફળતા મળી હતી.વડોદરા સાયબર ક્રાઈમમાં એક ફરીયાદ નોંધાઈ હતી. જેમાં ફરીયાદીને એક વ્હોટએપ ગૃપમાં જોડવામાં આવ્યાં હતા. આ ગૃપ માં શરે માર્કેટમાં રોકાણ અંગેની ટીપ્સ આપવામાં આવતી હતી. ત્યારબાદ તેઓને બનાવટી એપ્લિકેશન પર રજીસ્ટ્રેશન કરાવી, શરૂઆતમાં ટ્રેડીંગ મારફતે બનાવટી એપ્લિકેશનમાં નફો બતાવવામાં આવતો હતો. નફો બતાવી વિશ્વાસ કેળવ્યા બાદ તેઓ પાસેથી વધુ રોકાણ કરાવી એપ્લિકેશન મારફતે આઈ.પી. ઓ એલોટમેન્ટ લાગ્યો હોવાની માહિતી પુરી પાડવામાં આવતી હતી.આમ જુદી જુદી કંપનીના શેર ખરીદવા તેમજ આઈ.પી.ઓ ખરીદવાના બહાને રૂ. ૧૫,૭૦,૦૦૧ની રકમ અલગ અલગ બેન્ક ખાતામાં ભરાવી રૂ. ૨ લાખ તેઓના બેન્ક ખાતામાં પરત જમા કરાવી વિશ્વાસમાં લઈ બાકીના નાણા પરત ન કરી રૂ. ૧૩,૭૦,૦૦૧ની નાણાકીય છેતરપીંડી કરી.

લખતરના વિઠ્ઠલાપરામાં ત્રિદેવ મંદિરનો મહોત્સવ યોજાયો

સનવિલા ન્યુઝ, સુરેન્દ્રનગર, તા.૧૧

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના વિઠલાપરા ગામમાં ભવ્ય ધાર્મિક આયોજન થયું છે. ઉપદળા પ રિવાર દ્વારા નવનિર્મિત શ્રી શક્તિમાતાજી, શ્રી ખોડીયાર માતાજી અને બાવાબાપના મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો છે.મહોત્સવમાં વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવી હતી. આ વિધિઓમાં દીપ પ્રાગટ્ય, ગણપ તિ પૂજન, મંડપ પૂજન, સ્થાપિત દેવ પૂજન અને અગ્નિ સ્થાપનનો સમાવેશ થાય છે. માતાજીનું સામૈયું, ધ્વજારોહણ અને વિષ્ણુયાગ જેવા કાર્યક્રમો પણ યોજાયા હતા.પીપળી રામદેવપીર મંદિરના મહંત વાસુદેવ મહારાજ સહિત અનેક સંતો-મહંતોનું સામૈયું કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં કુલ ૧૧૭ યજમાનોએ ભાગ લીધો હતો. મુખ્ય યજમાન તરીકે ઉપદળા સુખાએ સેવા આપી હતી. યજ્ઞના આચાર્ય પદે મહેશ શુક્લ (કોંઢવાળા) દ્વારા મંત્રોચ્ચાર સાથે આહુતિઓ અપાઈ હતી.

માયાવતીની ભત્રીજીએ પતિ, સાસરિયાઓ સામે દહેજ ઉત્પીડનનો કેસ કર્યો

એજન્સી, હાપુડ, તા.૧૧

બસપા સુપ્રીમો માયાવતીની ભત્રીજીએ તેના પતિ સહિત સાસરિયા પક્ષના સાત લોકો સામે દહેજ માટે ત્રાસ આપવાનો ગંભીર આરોપ લગાવીને કેસ દાખલ કર્યો છે. પીડિતા એલિસ માયાવતીના ભાઈ નરેશ કુમારની પુત્રી છે. કોર્ટના આદેશ બાદ હાપુડ પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને માસા વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. એલિસના સાસુ હાપુડ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન છે.એલિસે કહ્યું હતું કે, તેના સાસરિયાઓ તેને ધમકી આપી છે કે, 'તારા કાકી બસપાના વડા છે, તેમની પાસે ઘણા પૈસા છે. ફ્લેટ અને ૫૦ લાખ રૂપિયાની વ્યવસ્થા કરો. જ્યારે મેં ના પાડી ત્યારે તેમણે મારી સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યુ હતું. ઢોર માર માર્યા બાદ મારી નાખવાની ધમકી પણ આપી હતી. એટલું જ નહીં, જો અંગે કોઈને કહ્યું તો ગંભીર પરિણામ ભોગવવા પડશે અને કોઈને મો પણ બતાવી નહીં શકે તેવી ધમકી આપી હતી.એલિસે ૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ નવી દિલ્હીની એક હોટલમાં વિશાલ સિંહ સાથે હિન્દુ વિધિ સાથે લગ્ન કર્યા હતા.

ઘર આંગણે જ મળશે TAVIની અદ્યતન સારવાર

ડૉ. નિલય પટેલે મિનિમલી ઈન્વેસિવ હાર્ટ વાલ્વ રિપ્લેસમેન્ટ કર્યું

સનવિલા ન્યુઝ, વલસાડ, તા.૧૧

વલસાડ જિલ્લામાં આરોગ્યસંભાળમાં સૌપ્રથમ વખત ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન (TAVI), ક્રાંતિકારી હૃદય પ્રક્રિયા કરવામાં આવી. જે ગંભીર એઓર્ટિક સ્ટેનોસિસ ધરાવતા દર્દીઓને નવી આશા આપે છે. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર ખાતે આ સફળતાપૂર્વક કરવામાં આવી.આ પ્રક્રિયા ભારત અને વિદેશમાં અદ્યતન કાર્ડિયાક સંભાળમાં તાલીમ પામેલા ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. નિલય પટેલ દ્વારા કરવામાં આવી હતી. વલસાડના વતની અને પ્રખ્યાત ચિકિત્સક ડૉ. કાંતિ પટેલના પુત્ર, ડૉ. નિલય પટેલ જટિલ કાર્ડિયાક સારવારમાં એક દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે, જે હવે આવી ઉચ્ચ-સ્તરીય પ્રક્રિયાઓને સ્થાનિક સ્તરે કેવી રીતે અને ક્યાં એક્સેસ કરી શકાય છે તે દિશામાં કામ કરી રહ્યાં છે. TAVI અત્યાર સુધી ફક્ત મહાનગરોમાં જ ઉપલબ્ધ હતી, તે હવે વલસાડ સુધી પહોંચી ગઈ છે. તબીબી સિદ્ધિથી આગળ આ એક ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે નવીનતા અને ક્લિનિકલ શ્રેષ્ઠતા એકસાથે મળીને અદ્યતન કાર્ડિયાક સંભાળને ઘરઆંગણે લાવી શકાય છે.ડૉ. નિલય પટેલે કહ્યું, "ભારત અને વલસાડ માટે આત્મનિર્ભર આરોગ્યસંભાળ તરફની સફર એક ગર્વની ક્ષણ છે. અમે વિશ્વ સાથે ગતિ જાળવી રહ્યા છીએ. અમે વૈશ્વિક વિચારી રહ્યા અને સ્થાનિક રીતે કાર્ય કરી રહ્યા છીએ. "એક સમયે એક દર્દી"ના સૂત્ર સાથે આરોગ્યસંભાળ દ્વારા અમે સફળતા સાથે સમગ્ર પ્રદેશમાં જટિલ પ્રક્રિયાઓ માટે દરવાજા ખોલી રહ્યાં છીએ. અમે આશા જગાડી અને પ્રેરણા આપતા રહેવા માંગીએ છીએ." .

કડીમાં લગ્નના ૧૩ દિવસ બાદ દુલ્હન ઘરમાંથી રોકડ-દાગીના ચોરી રફુચક્કર

» **પોલીસે મહારાષ્ટ્રની ઠગ દુલ્હન સહિત સાત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી**

સનવિલા ન્યુઝ, મહેસાણા, તા.૧૧

કડીમાં રહેતા યુવાનને મહારાષ્ટ્રની યુવતી સાથે લગ્ન કરી અપાવવા પેટે વચોટિયાઓએ રૂ. બે લાખ લઈ અને લગ્નના તેર દિવસ બાદ ઘરમાંથી રૂ. એક લાખ તથા દાગીના લઈ દુલ્હન રફુચક્કર થઈ ગઈ હતી. કડી પોલીસ મથકે ૭ સામે ગુનો નોંધાયો છે.કડીના કલ્યાણપુરા રોડ પર અષ્ટવિનાયક રેસીડન્સીમાં પરિવાર સાથે રહેતા ૩૫ વર્ષિય નીતિનકુ